


શ્રીસ્વામિનારાયણ મંદિર,
કારેલીબાગ-વડોદરાથી પ્રકાશિત મેગેઝિન

# સત્સંગ સેવક

ફેબ્રુઆરી-૨૦૨૫



શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરાથી પ્રકાશિત

# સત્સંગ સેવક

ફેબ્રુઆરી, ૨૦૨૫

## નૂતન શ્રીસ્વામિનારાયણ મંદિર-નાગનેશ

# ખાતમુહૂર્ત





ભાઈઓના મંદિરનું ખાતમુહૂર્ત



બહેનોના મંદિરનું ખાતમુહૂર્ત



નૂતન નિર્માણાધીન શ્રીસ્વામિનારાયણ મંદિર-નાગનેશ







: આશીર્વાદ :

પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્ય
શ્રીરાકેશપ્રસાદજી મહારાજ-વડતાલધામ

: પ્રેરક :

પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી
સ્વામી-કુંડળધામ

# સત્સંગ સેવક


પ્રકાશક : શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરા તથા કુંડળધામ
વડોદરા-૧૮, મો.નં. ૯૬૦૧૨ ૯૦૦૦૫/૬

પ્રકાશન તિથિ : સં.૨૦૮૧ મહા સુદ-૮, તા.૦૫/૦૨/૨૦૨૫ બુધવાર

www.swaminarayanbhagwan.org
satsangsevak@kundaldham.org

9601290051 swaminarayan
swaminarayanbhagwan


## સત્સંગ સુધા

સંત વચને થોડું કરાય;
અલ્પકામે મોટું ફળ થાય,
અલ્પજીવ સંત સેવા કરે;
તો તે અક્ષરનો મુક્ત ઠરે.

## અનુક્રમણિકા


3 કર્મનો સિદ્ધાંત
- પ.પૂ.શ્રીગુરુજી

4 પ્રેમ સહિત કરેલ હરિસ્મરણની તાકાત
- પ.પૂ.શ્રીગુરુજી

6 સતત સ્મરણ કરવાના ઉપાય
- સાધુ ઈશ્વરચરણદાસ

8 આસક્તિ
- સાધુ કૃષ્ણપ્રિયદાસ

9 દોરી હરિના હાથમાં...
- સાધુ સાકારસ્વરૂપદાસ

10 પતનનું પગથિયું-પ્રશંસા
- સાધુ વર્ણિવેષદાસ

12 વાસ્તવિકતા જાણીએ અને સ્વીકારીએ
- સાધુ અનાદિસ્વરૂપદાસ

14 ઇચ્છાને ન દો પ્રબળ થવા,
એ જ ડિપ્રેશનની દવા
- સાધુ સંકીર્તનદાસ

16 સૂચનો આવકાર્ય છે...
- સાધુ આત્મીયસ્વરૂપદાસ

18 મૂર્તિ
- સાધુ મૂર્તિસ્વરૂપદાસ

20 સત્સંગ સમાચાર








# કાવ્યકૃપા

## કર્મનો સિદ્ધાંત

નીતિ સાચી રાખજ્યો, સહુનું ઇચ્છજો હિત;
જ્ઞાન તો ઉપરવાળો કદિ, નહિ થવા દે અહિત...૦૧

કર્મ કરતા પહેલાં જ, વિચાર કરજો આમ;
જ્ઞાન આનું ફળ શું મળશે ? પછી જ કરજો કામ...૦૨

માણસ સુખની શોધમાં, નીતિને ભૂલી જાય;
જ્ઞાન અનીતિ કરી બેસે, પછી દુઃખી બહુ થાય...૦૩

રચયિતા : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી-કુંડળધામ

સં.૨૦૮૦, જેઠ વદ-૨ તા.૨૩/૦૬/૨૦૨૪, કુંડળધામ





પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામીએ તા.૩૦/૦૭/૨૦૨૩ ને સોમવારના રોજ શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરામાં કરેલ મનનીય પ્રવચન

કથામૃતમ્

# પ્રેમ સહિત કરેલ હરિસ્મરણની તાકાત



- પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી-કુંડળધામ

શ્રીહરિચરિત્રામૃતસાગરમાં સદ્.શ્રીઆધારાનંદ સ્વામીએ સ્મરણનો મહિમા કહેતાં કહ્યું છે...

हरि कुं संभारे अंतरमांहि, तिनकर अति शांति रहाहि ।
त्रिविध ताप कहावत जेता, शांति करन उपाय हे जेता ।।

ભગવાનને હૃદયમાં સંભારે તેણે કરીને અંતરમાં અતિ શાંતિ રહે છે, મન પ્રસન્ન રહે છે, સુખ બહુ આવે છે. કારણ કે, **ભગવાનના નામમાં અમૃતરસ ભર્યો છે.** કોઈ સ્વામિનારાયણ... સ્વામિનારાયણ ચાલુ રાખે તો અંદરથી અમૃતરસ ઝરે. ત્રિવિધ તાપને શાંત કરવાનો આ જ ઉપાય છે. **આધ્યાત્મિક, આધિભૌતિક અને આધિદૈવિક એ ત્રિવિધ તાપ કહેવાય છે. એનાથી શાંતિ મેળવવાનો ઉપાય હરિસ્મરણ છે.**

એક સમયે અયોધ્યાપ્રસાદજી મહારાજે અમદાવાદમાં નાના સુખાનંદ સ્વામીને કહ્યું, “હે સ્વામી ! તમે શ્રીજીમહારાજના લાડીલા છો, અતિ વૃદ્ધ છો, બોલવામાં અતિ પ્રવિણ છો અને બે પાવા એકસાથે વગાડવામાં પારંગત છો; માટે તમે હિંદુસ્તાન જાવ અને ત્યાં મુમુક્ષુઓને શ્રીજીમહારાજના પ્રગટપણાની વાતો કરજો. ધર્મકુળમાં જન્મેલા તેઓને તમારા દર્શનથી અને વાતોથી સુખ થશે, ભગવાનનો મહિમા વધશે.”

પછી સુખાનંદ સ્વામી ચાલ્યા, તે અયોધ્યા પાસે બરહારામ ઘાટે આવ્યા. ત્યાંથી સરજુ નદી ઊતરીને આંબલીયા ગામમાં આવ્યા. ત્યાં ઇચ્છારામભાઈનો પરિવાર રહેતો હતો. ત્યાં ધર્મકુળના ગોપાળજી મહારાજને ઘેર ઊતર્યા. તેમણે સ્વામીને બહુ પ્રેમથી સાચવ્યા, તેથી સ્વામી ચોમાસાના ચાર મહિના ત્યાં રહ્યા. કોઈ દિવસ ગજુમામા તથા અન્ય હરિભક્તો પણ પોતાને ઘેર ભાવથી રસોઈ કરાવીને સ્વામીને જમાડતા. સ્વામીમાં રહી સાક્ષાત્ ભગવાન જમતા હોય એવાં પણ ઘણા ભક્તોને દર્શન થતાં. વળી, સ્વામી કથાવાર્તા દ્વારા ભક્તોને ખૂબ સુખ આપતા.

એક દિવસ સ્વામી જમ્યા પછી બપોરના સમયે ગામથી ઉગમણી કોરે તળાવડીએ નાહવા ગયા. સ્નાન કર્યા પછી બાજુમાં આવેલા બગીચામાં એક ઘટાદાર આંબા નીચે આસન વાળી ભજનમાં બેઠા. પ્રભુપ્રેમમાં હૈયું રસતરબોળ થયું. મન મૂર્તિમાં ખોવાઈ ગયું. પ્રેમ સહિત ગદ્ગદ વાણી થઈ ગઈ. ભજન થાય પણ બોલી ન શકાય.

भयौ बावरो प्रेम में, डोलत गलियन मांहि;
नारायण हरि लगन में, यह कछु अचरज नाहि.

વહાલા ભક્તો ! જે કોઈને ભગવાનમાં પ્રેમ

થઈ જાય, તો તે ગાંડા જેવો લાગે. એ ગલિયોમાં ફરતો હોય કે વગડામાં જઈને આંબા નીચે ભજન કરતો હોય, પણ પ્રભુની લગની લાગી જાય પછી એની કોઈ ક્રિયામાં કાંઈ આશ્ચર્ય કહેવાય નહીં.

ભગવાન સ્વામિનારાયણ દિવ્ય મૂર્તિરૂપે સ્વામી ભજન કરતા હતા ત્યાં પ્રગટ થયા.

गीत्वा च मम नामानि, नर्तयेन्मम संनिधौ ।
इदं ब्रवीमि ते सत्यं, क्रीतोऽहं तेन चार्जुन ॥

આદિપુરાણમાં આ લખ્યું છે. ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે કે, 'હે અર્જુન ! જે મારા નામનું ગાન કરીને મારી નજીક નાચવા લાગે છે; એવા પ્રેમી ભક્ત માટે હું તેનો વેચાણ બની જાઉં છું. આ હું તને સાચી વાત કહું છું.'

વહાલા ભક્તો ! શ્રીહરિનાં દર્શન થતાં સ્વામી અતિ પ્રેમમગ્ન બની તત્કાળ ઊભા થઈ મહારાજને પગે લાગ્યા. મહારાજનાં દર્શન કરીને પછી પોતાના બંને પગે ઘૂઘરા બાંધી, બે પાવાને સાથે વગાડી મહારાજની આગળ નાચવા અને ગાન કરવા માંડ્યા.

બરાબર એ સમયે તરગામથી સ્વામીનાં દર્શન કરવા કનૈયારામ આંબલીયા ગામ આવ્યા. પછી શોધતાં શોધતાં આંબાના બગીચામાં આવ્યા, ત્યાં તો સ્વામીએ સહિત શ્રીજીમહારાજને સાક્ષાત્ જોયા ! આનંદ આનંદ થઈ ગયો. તે પણ ત્યાં બેસી ગયા. થોડીવાર સ્વામીના સૂરીલા કંઠે ગવાતાં કીર્તનો સાંભળ્યાં અને કીર્તન ભક્તિમાં ડોલતાં ડોલતાં શ્રીહરિનાં દર્શન કર્યાં. પછી કનૈયારામ આનંદવિભોર બની જેવા શ્રીહરિને પગે લાગવા ગયા, ત્યાં પ્રભુ અદૃશ્ય થઈ ગયા ! પછી સ્વામીને પણ સભાનતા આવી, તો તે સમયે સામે કનૈયારામ બેઠેલા અને કનૈયાલાલ(શ્રીહરિ) જતા રહેલા ! કનૈયારામ અહોભાવ સાથે દંડવત કરી સુખાનંદ સ્વામીને પગે લાગ્યા અને બોલ્યા 'ઓહો...હો... સ્વામી ! આજ આપના પ્રતાપે હું પણ ધન્ય થઈ ગયો. મને પણ પ્રગટ પરમાત્માનાં દિવ્ય દર્શન થઈ ગયાં.'

પછી આનંદમગ્ન બની સ્વામી સાથે કનૈયારામ ગામમાં આવ્યા. કનૈયારામે સ્વામીની ભક્તિની અને શ્રીહરિનાં અલૌકિક દર્શનની સૌ હરિભક્તોને વાત કરી. એ સાંભળીને ધર્મકુળના સૌ ભક્તોને ખૂબ આનંદ થયો અને સુખાનંદ સ્વામીને ભાવથી બધા પગે લાગ્યા. પછી તો વિશેષ સમય આપીને સ્વામીનો સમાગમ કરવા લાગ્યા.

આ અરસામાં આંબલીયા ગામની ચારેય તરફનાં ફરતાં ગામોમાં કોગળિયા-પ્લેગનો રોગ ફાટી નીકળેલો. એમાં અનેક માણસ મરતાં હતાં. તે જોઈને સુફળ મામાએ સ્વામીને પગે લાગીને કહ્યું, 'સ્વામી ! આજુબાજુના ગામમાં કોગળિયાનો ઉપદ્રવ બહુ છે. અમારા આંબલીયા ગામના સાત મહોલ્લા છે; એમાં કોગળિયું ન આવે એવી સ્વામી તમે દયા કરો.'

ત્યારે સ્વામી બોલ્યા, 'સૌ બાઈ-ભાઈને પ્રગટ સ્વામિનારાયણ ભગવાનનું ભજન કરાવો, તો ગામમાં કોગળિયું નહિ આવે.' એવું સાંભળીને સુફળ મામા તો તરત ઉપડ્યા અને સાતેય પરામાં ફરી વળ્યા અને સ્વામીએ કહ્યા પ્રમાણે કહ્યું. આ સાંભળીને બીકને લીધે સાતેય મહોલ્લામાં અઢારેય વર્ણના લોકો સ્વામિનારાયણ...સ્વામિનારાયણ ભજન જ કરે, બીજી વાત જ નહીં. તેથી શ્રીજીમહારાજના પ્રતાપથી કોગળિયું આંબલીયા ગામમાં પ્રવેશી શક્યું જ નહીં !

સ્વામિનારાયણ ભગવાનનો આવો પ્રતાપ જોઈને ગામના અનેક જનો સ્વામીને શરણે આવીને કંઠી બાંધી શ્રીહરિના આશ્રિત થયા.

વહાલા ભક્તો ! આપણે સ્વામિનારાયણ... સ્વામિનારાયણ ભજન ચાલુ જ રાખીએ તો આપણા હૃદયમાં પણ કળિયુગ પ્રવેશી શકે જ નહિ, દોષો આવી શકે જ નહીં. જેટલું કાંઈ મંગળ કહેવાય છે, તે સર્વે પવિત્રપણું 'સ્વામિનારાયણ' નામમાં રહ્યું છે; આવું તે નામ મહાન છે. 'સ્વામિનારાયણ' નામ ઉચ્ચારવાથી આ દુનિયામાં જેટલાં પણ અમંગળ છે, તે બધાનો નાશ થઈ જાય છે; સ્વામિનારાયણ નામમાં આવો પ્રતાપ રહ્યો છે, માટે આપણે સહુએ એનો અખંડ જપ ચાલુ જ રાખવો જોઈએ. ●●●



# સતત સ્મરણ કરવાના ઉપાય

લેખક : સાધુ ઈશ્વરચરણદાસ
ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

આપણા ઇષ્ટદેવ ભગવાન શ્રીસ્વામિનારાયણની આપણને આજ્ઞા છે કે ભગવાનનું ભજન કરવું અને સદા આનંદમાં રહેવું. (વચ.મ.૬) આપણે અખંડ ભજન થાય છે ? સદા આનંદમાં રહેવાય છે ? કેમ એમ નથી રહેવાતું ? તેનું કારણ શોધવું જોઈએ. મહારાજ તો એમ કહે છે કે, 'ભગવાનના ભક્ત હોય તેની વૃત્તિ તો ભગવાન વિના બીજે રહે જ નહીં. જેને પરમેશ્વરમાં વૃત્તિ ન રહે તે પરમેશ્વરનો ભક્ત નહીં. (વચ.પ્ર.૪૯)

**અખંડ ભજનપરાયણ રહેવાના ત્રણ ઉપાય છે :**

## ૧. પ્રભુ પ્રીતિ :

જો પરમાત્મામાં પરમ પ્રેમ થઈ જાય તો સંભારવા ન પડે પણ શ્રીહરિ સાંભર્યા જ કરે. જેમ સચ્ચિદાનંદ સ્વામીને અને ગોપીઓને ભગવાન ભૂલવા હોય તોય નો'તા ભુલાતા, તેમને ભગવાનને સંભાર્યા વિના રહેવાતું જ નહીં.

આ લોકમાં પણ વહાલસોયી માને તેનો લાડલો દીકરો સાંભર્યા જ કરે છે, તે માટે ધ્યાન કરવું પડતું નથી. અતિ આસક્ત કામી સ્ત્રી-પુરુષને તેના પ્રિયતમ પાત્રનું ચિંતન થયા જ કરે છે, તેમ જો પ્રભુમાં પ્રગાઢ પ્રેમ થઈ જાય તો શ્રીહરિનું ચિંતન-સ્મરણ થયા જ કરે.

આપણે પ્રભુમાં એવો પ્રેમ કરવો હોય તો મહારાજમાં મમતા કરવી જરૂરી છે. શ્રીહરિ સાથે મનપસંદ સંબંધ બાંધવો જોઈએ અથવા મહારાજનો મહિમા વધુ ને વધુ દૃઢ કરવો જરૂરી છે. તે માટે એવા મહિમાવાન ભજનાનંદી સંતનો સમાગમ અને સેવા કરવી આવશ્યક છે.

## ૨. ભગવાન અને ભગવદ્‌ભજનની ભૂખ-ગરજ-જરૂર-આવશ્યકતા :

જેમ કોઈ ખરેખર ભૂખ્યો-તરસ્યો મનુષ્ય હોય તેને ભોજન-પાણીનું ધ્યાન-ભજન કરવું પડતું નથી, આપોઆપ થયા કરે છે. કારણ કે, અન્ન-પાણીની ભડભડતી ભૂખ-તરસ લાગી છે; તેમ ભગવાનની જેને તીવ્ર જરૂર જણાઈ ગઈ હોય તેને ભગવાન સાંભર્યા જ કરે છે. માનો આપણે વિમાનમાં કે સ્ટીમરમાં મુસાફરી કરતા હોઈએ અને એવો આપત્કાળ આવે કે મોત સામે દેખાઈ જાય, તો ભગવાન જીવમાંથી સાંભરવા લાગે. કેમ કે, ભગવાનની ખરેખર જરૂર જણાઈ ગઈ છે. જેમ લોભી જીવને ધનની આવશ્યકતા અનુભવાય છે એટલે સર્વના ભોગે ધન સાચવે છે અને વધુ ને વધુ મેળવ્યા કરે છે; તેમ આપણને ભગવાનની આવશ્યકતા સમજાઈ જાય તો સર્વના ભોગે અખંડ ભજનપરાયણ જ રહેવાશે.

પૂ.ગુરુજીએ કીર્તનમાં કહ્યું છે કે,

**કહે જ્ઞાનજીવન હે પ્રાણ ! મારા શ્વાસ તણા આધાર,**
**તમે હો તો હરિવર હું છું, તમે આત્મા છો હરિ મારા.**

સર્વાત્મા શ્રીહરિને લઈને જ આપણું અસ્તિત્વ છે. પ્રભુ પ્રકાશે તો જ આપણને આપણું અને બીજાનું જ્ઞાન-ભાન થાય છે. તે સર્વકર્તા શ્રીહરિ જેમ ઇચ્છે તેમ જ આપણે રહેવું પડે છે. એ ભોગવાવે એટલાં

સુખ-દુ:ખ આપણે ભોગવવાનાં હોય છે. તેમની કૃપા વિના તો આપણે હોવા છતાં ન હોવા તુલ્ય જ થઈ જઈએ છીએ, માટે જેમ શરીરને સજીવન રહેવા જીવાત્માની જરૂર છે; તેમ જ આત્માને સભાન રહેવા પરમાત્માની અનિવાર્ય આવશ્કતા છે. આત્માના આત્મા પરમાત્મા જ આપણો આધાર, આકાર અને આનંદ છે. જ્યારે આમ આપણને પ્રભુની અનિવાર્યતા સમજાશે ત્યારે શ્વાસ કે ઓક્સિજન જેટલી જ તેમની જરૂર જણાશે. પછી એમના સ્મરણ વિના રહેવાશે જ નહીં.

**આપણા ઈષ્ટદેવ ભગવાન શ્રીસ્વામિનારાયણની આપણને આજ્ઞા છે કે ભગવાનનું ભજન કરવું અને સદા આનંદમાં રહેવું. (વચ.મ.૬)**

સોરઠમાં એક ભક્ત તેમનું કામ કરતાં ભગવાન ભૂલી ગયા. તેમને મહારાજ અખંડ દેખાતા હતા તે અદૃશ્ય થઈ ગયા. એટલે તે ભક્ત ત્યાં ને ત્યાં જ પથ્થરની જેમ સ્થિર ઊભા રહી ગયા. પછી જ્યારે મહારાજ દેખાતા થયા ત્યારે બોલ્યા, “હે નાથ ! આપના વિના મારાથી રહેવાય જ કેમ ? આપ તો મારા જીવનપ્રાણ છો.” આવી ભગવાનની જરૂર જણાશે તો ભગવાન સાંભર્યા જ કરશે, ભૂલ્યા પણ નહિ ભુલાય.

### 3. ભય :

આ ક્ષણે ગમે ત્યારે મોત આવવાનું છે, જો ભગવાનને ભૂલીને જીવીશું તો જન્મ-મરણ, જમપુરી અને લખચોરાશીનાં ભયંકર દુ:ખો ભોગવવાં જ પડશે. એ બધાં સંકટોથી બચવાનો સર્વશ્રેષ્ઠ ઉપાય છે : સર્વોપરિ શ્રીહરિનો આશરો અને તેમનું અખંડ સ્મરણ-ભજન.

આજકાલ ઘરેથી નીકળ્યા પછી ક્યારે એક્સિડન્ટ થાય તેનું નક્કી જ નહીં, માટે સતત સ્મરણ-ભજન ચાલુ જ રાખવું. અત્યારે રાત્રે સૂઈ ગયા પછી લાખો લોકો જાગતા પહેલાં ગુજરી જાય છે, માટે સ્મરણ ચાલુ જ રાખવું. હમણાં હમણાં કેન્સર, હાર્ટએટેક અને બ્રેઇન સ્ટ્રોક જેવી આપત્તિ અચાનક આવી જાય છે, એટલે ભગવાન ભૂલવા જોઈએ નહીં. વડતાલના પ.પૂ.અથાણાવાળા સ્વામી કાયમ કહેતા, આ શરીર અચાનક મરી જવાનું છે, માટે ખૂબ જ ભજન કરી લેવું.

આમ પ્રભુપ્રીતિ, ભગવાનની જરૂર અને મોત કે દુ:ખોનો ભય; આ ત્રણ ભગવાનને ભજવાનાં મુખ્ય કારણ છે. એ ત્રણેય કે ત્રણમાંથી કોઈ પણને જીવનમાં દૃઢ કરી લઈએ તો સતત શ્રીહરિનું સ્મરણ-ભજન થાય. આપણે ભક્ત હોવા છતાં સતત સ્મરણ કરવા કરતાં બીજી બબાલ વધુ કરીએ છીએ. બીજી ત્રીજી ઉપાધિ વધુ કર્યા કરીએ છીએ. જો આપણે ભગવાનનો અનન્ય આશરો રાખીએ, અખંડ ભગવાનના ભજન-સ્મરણ પરાયણ જ રહીએ, તો બાકીનાં બધાં જ કામ પ્રભુ પોતે જ કરી આપે છે. ભગવાને કહ્યું છે,

**अनन्याश्चिन्तयन्तो मां ये जनाः पर्युपासते ।**
**तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहम् ॥२२॥**

જે સંતો-ભક્તો મારો અનન્ય આશરો રાખીને અથવા મારામાં જ પ્રેમ કરીને મને સતત ચિંતવતા થકા ભજ્યા કરે છે, આમ મારી સાથે જ નિત્ય જોડાઈને રહેનારા તે ભક્તોને જે જે જરૂરી હોય તે બધું હું જ પ્રાપ્ત કરાવું છું અને હું જ તેની રક્ષા પણ કરું છું. (ભગવદ્ગીતા ૯/૨૨)

જો આપણે અખંડ આનંદમાં રહીને સતત સ્મરણપરાયણ રહેવું હોય, તો ભગવાનનો અનન્ય આશરો-વિશ્વાસ રાખવો જરૂરી છે. પછી ભગવાનનો મહિમા કે સંબંધને દૃઢ કરી પ્રભુમાં પ્રેમ વધારવાની જરૂર છે અથવા ભગવાનની ભૂખ-જરૂર કે અનિવાર્યતા સમજવી આવશ્યક છે. આટલું કરવાથી ભગવાનનું ભજન-સ્મરણ સતત થઈ શકે છે. જો પ્રેમ કે જરૂરિયાતને લઈને ભજન ન થાય તો ભયને સતત નજરવગો રાખવો જરૂરી છે. આવા ઉપાયો સિદ્ધ કરવા માટે ભજનાનંદી સદ્ગુરુ સત્પુરુષનો સમાગમ મન-કર્મ-વચને શ્રદ્ધાપૂર્વક દરરોજ કર્યા કરવો જોઈએ, તો સતત સ્મરણ કરવું શક્ય બને છે. ●●●



# આસક્તિ

લેખક : સાધુ કૃષ્ણપ્રિયદાસ    ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

એક ખેડૂતને ઘરમાં, ખેતરમાં તથા વ્યવહારમાં આસક્તિ બહુ. બધું જ કામ જાતે જ સંભાળે. દીકરા મદદ કરવા જાય તો તેમને ગમે નહીં. ઘરમાં ખૂબ જ ટક-ટક કરે. તેનાથી બધા ખૂબ જ કંટાળ્યા હતા.

ગામથી થોડે દૂર એક સંન્યાસીના આશ્રમમાં ખેડૂત જતો. સંન્યાસી ખેડૂતની આસક્તિ બરાબર જાણે. તેથી તેને વારંવાર કહે, 'ભાઈ, તમે હવે ભજન કરો. દીકરાઓ ઘરકામ ચલાવશે.' પણ ખેડૂતને મનાય નહીં. સંન્યાસીએ તેને કહ્યું, 'આપણે બંને જાત્રા કરવા જઈએ. ખેડૂતે કહ્યું, 'મકાનનું કામ ચાલે છે એટલે કેમ અવાય ?'

સંન્યાસી કહે, 'છોકરાં કામ કરશે. માટે ચાલો, કોઈના વગર કોઈ કામ પડ્યું રહેતું નથી.' એમ પરાણે જાત્રામાં લઈ ગયા. બે મહિના બન્ને જાત્રામાં ફર્યા. હવે ખેડૂતને ઘર સાંભર્યું હતું. તેમને એમ હતું કે, 'મારા વગર ઘરનું કામકાજ કોઈ કરશે નહીં. ખેડૂત રોજ ઘેર જવું જવું કરે.' સંન્યાસી કહે, 'જાત્રામાં શું દુઃખ છે ? થોડા દિવસમાં જઈશું.'

સંન્યાસીએ ખેડૂત ન જાણે તેમ તેમના દીકરાઓને એક પત્ર લખ્યો કે, 'તમારા પિતાશ્રી જાત્રામાં ધામમાં ગયા છે. તેમનો બધો જ વિધિ અમે પતાવી દીધો છે. હવે તમો ઘરનું બધું કામકાજ ઉપાડી લેશો.' પત્ર વાંચી છોકરાઓ રાજી થયા અને કામે લાગી ગયા.

થોડા દિવસ પછી બન્ને યાત્રામાંથી પાછા આવ્યા. ખેડૂત કહે, 'હું હવે ઘેર જઉં.' સંન્યાસી કહે, 'જમી પરવારી કથાવાર્તા સાંભળી રાત્રે જજો.' ખેડૂતે કમને હા પાડી અને રોકાઈ ગયા. સંન્યાસીએ એક માણસ દ્વારા ખેડૂતને ઘેર કહેવરાવ્યું કે, 'તમારા બાપા ભૂત થયા છે અને આજે રાત્રે બાર વાગ્યા પછી ઘેર આવશે માટે ચેતતા રહેજો.'

કથાવાર્તા પછી રાત્રે બાર વાગ્યે સંન્યાસીએ ખેડૂતને ઘેર જવા રજા આપી. ખેડૂત તો ખુશાલી સાથે ઘેર ગયો. તેમણે ડેલી ખખડાવી. ઘરના બધા અંદર જાગતા જ હતા. દીકરાએ પૂછ્યું, 'કોણ છે ?' ખેડૂતે કહ્યું, 'હું તમારો બાપ, ડેલી ઉઘાડો, જાત્રા કરીને આવ્યો છું.' ઘરનાએ જાણ્યું, 'ચોક્કસ બાપા ભૂત થઈને આવ્યા છે.' બધા ધોકા-સાંબેલા લઈને સાબદા થયા. ડેલી ઉઘાડી. બાપાને જોઈને દીકરાઓએ કહ્યું, 'તમે જીવતાએ અમને સુખ લેવા દીધું નહિ અને મૂવા પછી પણ ભૂત થઈને સુખ લેવા દેતા નથી. તમારા ગયા પછી અમને ઘણું સુખ છે. માટે જાવ અહીંથી.' એમ કહી બાપાને ખૂબ ઠપકાર્યા.

ખેડૂત તો માંડમાંડ ભાગીને આશ્રમમાં આવ્યો. સંન્યાસીએ પૂછ્યું, 'ભાઈ, શું થયું ?' ખેડૂતે કહ્યું, 'મારા દીકરાઓએ મને ભૂત ઠેરવી મારાં હાડકાં ભાંગી નાખ્યાં.' સંન્યાસીએ કહ્યું, 'હું નહોતો કહેતો કે, ભગવાન ભજો. ઘરની વાસના છોડો.' ખેડૂતને સમજાયું કે, 'આ દુનિયામાં કોઈ કોઈનું નથી. આપણા વગર પણ વ્યવહાર ચાલે જ છે.'

પછી સંન્યાસીએ સાચી હકીકત ખેડૂતને અને તેના ઘરનાને પણ કહી; પણ ખેડૂતે માયાનું સ્વરૂપ જોઈ લીધું હતું, એટલે વાસના નીકળી ગઈ.

વહાલા ભક્તો ! આપણું તપાસજો કે મારે આવી કોઈ વાસના તો નથી ને ? જો કાંઈ પણ વાસના રહેશે તો ભૂત થવું પડશે અને પરલોક બગડશે, માટે અત્યારથી જ સાવધાન થઈ જવું. આ લોકના મનસૂબા મૂકી પરલોકના કરવા. ●●●



# દોરી હરિના હાથમાં...

લેખક : સાધુ સાકારસ્વરૂપદાસ
ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

શ્રીજીમહારાજ એકવાર લોયામાં સંઘા પટેલના ઘરે સંતો-ભક્તોને સભામાં વાતો કરતા હતા. એ સમયે તરગાળા(પૂતળાની રમત રમનારા)નું એક ટોળું આવ્યું. આવીને તેમણે મહારાજને ફરિયાદ કરી કે, "હે સ્વામિનારાયણ ! તમે બધાને સત્સંગી કર્યા, તેથી અમારી કમાણી ઘટી ગઈ છે. હવે અમને કોઈ રમાડતા નથી. માટે તમે પ્રભુ છો તે કાંઈક દયા કરો તો અમારું ગુજરાન ચાલે."

મહારાજ કહે, "અમે શું તમારી કમાણી ઘટાડી ?" ત્યારે તરગાળા કહે, "તમે બધાને ફેલફતૂર છોડાવી સત્સંગી કર્યા, તે હવે કોઈ અમારી રમત જોવા આવતા નથી, અને અમારું ગુજરાન તો અમારી આ રમત ઉપર છે. માટે તમો જો અમારી રમત જોવા આવો તો આ બધા તમારા સત્સંગી આવે." મહારાજ કહે, "જાવ અમે ને અમારા સંતો-ભક્તો બધા આજે તમારી રમત જોવા આવીશું, તમો તૈયારી કરો."

પછી મહારાજ સંતો-ભક્તો સાથે તરગાળાની રમત જોવા પધાર્યા. તરગાળો પોતાના દેરામાં જઈને દોરી-પૂતળાં તૈયાર કરી મહારાજ આગળ પૂતળાં રમાડવા માંડ્યો, પણ એકેય પૂતળું હાલ્યું-ચાલ્યું નહીં. તરગાળે વિચાર્યું કે કાંઈક દોરી બાંધવામાં ફેર હશે, એટલે તે ફરી દેરામાં ગયો ને તપાસ કરી તો દોરી-પૂતળાં બધું બરાબર હતું. તેણે ત્યાં પૂતળાં નચાવ્યાં તો નાચ્યાં. એટલે તે દેરામાંથી બહાર આવ્યો ને મહારાજ આગળ પૂતળાં રમાડવા લાગ્યો, પણ એકેય પૂતળું હલ્યું નહીં; એટલે ફરી દેરામાં ગયો ને જોયું તો ત્યાં બધાં પૂતળાં નાચ્યાં. એટલે ફરી તે મહારાજ આગળ આવી રમત કરવા લાગ્યો, પણ એકેય પૂતળું હલે કે ચલે નહીં.

આ આશ્ચર્ય જોઈ એણે મનમાં વિચાર કર્યો કે દોરી કે પૂતળામાં તો કાંઈ ખામી નથી, પણ સભામાં પેલા છોગલાવાળા બેઠા છે એનાં આ બધાં કામ છે. એટલે બહાર આવી મહારાજ આગળ હાથ જોડીને બોલ્યો : "હે પ્રભુ ! મારાં પૂતળાં કે દોરીમાં કોઈ ખોટ નથી, પણ એની દોરી તમારા હાથમાં છે; તે તમે જ રમવા દેવા નથી. હે મહારાજ ! તમે તો પરમેશ્વર છો, બધાની દોરી તમારા હાથમાં છે; તે કાંઈક કૃપા કરો ને પૂતળાંને રમવા દો."

મહારાજ કહે, "દોરીમાં કાંઈક ખામી હશે, માટે એક વાર દેરામાં જઈને દોરી સરખી કરી આવો એટલે પૂતળાં રમશે." તરગાળાને હવે મનમાં નક્કી હતું કે દોરીમાં કાંઈ ખામી નથી, પણ મહારાજે કહ્યું એટલે દેરામાં ગયો ને તરત બહાર આવી પૂતળાં રમાડ્યાં, તો બધાં પૂતળાં નાચ્યાં. પછી તો એમણે પોતાની કળાથી મહારાજને રાજી કર્યા. મહારાજ પણ તેની પૂતળાં રમાડવાની કળા જોઈને ખૂબ રાજી થયા ને તેને ઘણી ભેટ આપી.

વહાલા ભક્તો ! જીવમાત્રની દોરી હરિના હાથમાં છે. ભગવાન કરે, કરાવે કે કરવા દે એટલું જ થાય છે, બાકી તરણુંય તૂટે નહિ; આ પરમ સત્યનો સ્વીકાર કરી, કોઈ વાતનું અભિમાન રાખ્યા વગર, ભગવાન અને મોટા પુરુષની આજ્ઞા-મરજીમાં રહીએ; એમાં જ આપણું કલ્યાણ છે. ●●●

# પતનનું પગથિયું-પ્રશંસા

લેખક : સાધુ વર્ણિવેષદાસ ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી




વહાલા ભક્તો ! આજના જમાનામાં પ્રશંસા કોને ન ગમે ? હવે તો પ્રશંસા એ જ જીવન બનતું જાય છે. કોઈ રડતા નાના બાળકને તેના દાદા ઘોડો... ઘોડો... કરી પોતાની પીઠ પર બેસાડે, એટલે બાળક રડતું બંધ અને તરત ઘૂઘરા જેવું બની જાય છે. તે કોઈ રાજાનો કુંવર નથી કે નથી તેની પાસે કોઈ ઘોડો ! પરંતુ થોડું અમથું માન મળ્યું છે.

માન-પ્રશંસા એવા નશીલા પદાર્થો છે કે જે ભલભલાની મતિનો નાશ કરી નાખે છે. માટે વહાલા ગુરુજીએ ઘણી વાર કહ્યું છે કે, 'કોઈ આપણા વખાણ કરે ત્યારે ખૂબ જ સાવધાન થઈ જવું જોઈએ. કેમ જે, એ વખાણ છે તે જ સ્વીટ એન્ડ સ્લો પોઇઝન છે.'

કોઈ એક ગામમાં એક શિલ્પકાર રહેતો હતો. તેનામાં એવી અદ્‌ભુત કળા હતી કે તે પોતાની કૌશલ્યતાથી આબેહૂબ પોતાની જ આકૃતિ બનાવી શકતો. શિલ્પકારને અને તેના પૂતળાને જો એકસાથે જોઈએ તો અસલી કોણ ને નકલી કોણ ? તે ઓળખી શકાય જ નહીં. આ બાબતનો શિલ્પકારને ખૂબ ગર્વ રહેતો. એક દિવસ આ શિલ્પકારને વિચાર આવ્યો કે, 'ભલભલા જાણકાર પણ મને અને મારા પૂતળાને ઓળખી શકતા નથી, તો હવે મારે યમદૂતોને પણ છેતરવા છે.' આમ વિચારી તેણે પોતાનાં દસ-બાર પૂતળાં બનાવ્યાં.

સમય જતાં તેનો અંતકાળ નજીક આવ્યો ને કર્મના લેખા લેવા યમદૂતો તેને ઘેર આવી ચડ્યા, પણ આ શિલ્પકાર હોશિયાર હતો. તેથી તે તરત જ તે પોતે બનાવેલાં પોતાની જેવાં જ પૂતળાંની વચ્ચે જઈ ગોઠવાઈ ગયો. એકસરખાં આટલાં બધાં રૂપો જોઈને યમદૂતો તો દ્વિધામાં આવી ગયા. આમાંથી સાચો શિલ્પકાર કોણ ? તે નક્કી ન કરી શક્યા. તેમણે પાછા જઈને પોતાના આગેવાનને આ વાત જણાવી. આ આગેવાન પણ ખૂબ જ અનુભવી હતા. તેમણે યમદૂતોને એક સરસ યુક્તિ શીખવાડી. પછી તે યમદૂતો પાછા તે



શિલ્પકારને યમપુરીમાં લેવા માટે આવ્યા. આ વખતે પણ તે શિલ્પકાર તે પૂતળાં વચ્ચે જઈને એક જેવો બની ગયો.

હવે યમદૂતોએ આગેવાનના શીખવ્યા મુજબ તેની પ્રશંસા કરવાનું શરૂ કર્યું, "વાહ ! કેવો શિલ્પી છે ! તેની કુશળતા આગળ તો વિશ્વકર્મા પણ ભૂલા પડે ! બ્રહ્મા પણ જોઈને અચંબો પામી જાય ! આખી દુનિયામાં કોઈ આવો કુશળબાજ કારીગર નહિ હોય, પરંતુ આમાં એક નાની એવી ખામી રહી ગઈ છે."

એટલું સાંભળતાંની સાથે જ પેલો શિલ્પી બહાર આવી ગયો ને બોલ્યો કે, 'ક્યાં ખામી છે ? બતાવો.'

તરત જ યમદૂતો તેના જીવને પકડીને યમપુરીમાં લઈ ગયા.

વહાલા ભક્તો ! કહેવાનું તાત્પર્ય એ છે કે, કોઈ પણ પ્રકારની કળા, કુશળતા, વિદ્યા કે આવડતનું અભિમાન હોય, તો તે આપણા પતનનું કારણ બની શકે છે. ડોબાને ખાણ ને માણસને વખાણ જોઈએ. અને વખાણ ન મળે તો માણસ નિર્જીવ જેવો બની જાય છે. આપણે ઘણી વાર સાંભળ્યું છે કે, 'રાજીપો અને માન એ એક સિક્કાની બે બાજુ છે.'

જ્યાં સુધી કાનને મીઠા શબ્દો ન મળે ત્યાં સુધી મને રાજીપો મળી ગયો છે તેનો અહેસાસ થતો નથી. સ્વપ્રશંસાની ઝંખના ક્યારેય અંતરમાં શાંતિ થવા દેતી નથી. તે માટે સદ્‌ગુરુ શ્રીગુણાતીતાનંદ સ્વામીની વાતોનાં હિતકારી વચનોને થોડાં વાગોળીએ, "આપણે કાંઈક કામ સારું કર્યું હોય ને તેનું આપણને માન આવતું હોય, તે સારુ મોટા કહે જે 'આ કામ બગાડ્યું' તોપણ રાજી રહેવું. કેમ જે, આપણને તો પૂર્વાપર સૂઝે નહીં. ને મોટા તો દીર્ઘદર્શી છે તે આગળ થવાનું દેખે છે."

વળી, પોતાના વખાણની ઇચ્છા કે પોતામાં રહેલા ગુણોનું માન ટાળવા માટે સદ્‌ગુરુ શ્રીગોપાળાનંદ સ્વામીની વાતોમાં કહ્યું છે કે, "પોતાને સત્તારૂપ સમજે ને પોતે ભગવાન કે સત્પુરુષ આગળ તો અતિશે હળવો વર્તે અને પોતાને વિષે જે કાંઈક ગુણ હોય, તે તો જેમ કોઈકનાં વસ્ત્ર-આભૂષણ માંગી લાવીને પહેર્યાં હોય, તેમ તે મોટા પુરુષના કે ભગવાનના છે એમ સમજે તો માન ટળે."

વહાલા ભક્તો ! આપણા ગુરુજીને પણ માની ભક્ત ગમતો નથી.

દોહા :

**માન જેવી બુરી બલા, જગમાં નથી જ કોય;**
**જ્ઞાન માન આવે પછી, દુઃખના દાડા હોય...૦૧**
**કરતાં સારા કાર્યને, આવે થોડુંયે માન;**
**અહં આવતાં જીવમાં, ગૌણ થાય ભગવાન...૦૨**

અંતમાં આપણે વહાલા મહારાજ, પૂ.ગુરુજી તથા સંતો-ભક્તોને પ્રાર્થના કરીએ કે, 'હે મહારાજ ! અમને પ્રશંસારૂપી સ્વીટ એન્ડ સ્લો પોઇઝનથી બચાવજો અને અમારાથી જે કાંઈ થાય તે નિષ્કામભાવે, દાસના દાસ થઈને, આપને રાજી કરવા જ થાય એવી કૃપા કરશો.' ●●●



# વાસ્તવિકતા જાણીએ અને સ્વીકારીએ

લેખક : સાધુ અનાદિસ્વરૂપદાસ
ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

ગામ બાબાપર વાંકિયામાં રહેતા કણબી હરિભગત દેવરાજભાઈને એક વખત શ્રીજીમહારાજે દર્શન આપીને કહ્યું કે, "આજથી એક મહિને તને તેડવા આવશું." તે સાંભળીને તે ઘણા જ રાજી થયા, પણ બે દિવસ પછી તેઓ મૂંઝાવા લાગ્યા જે, 'અરેરે ! આ બધું મેલીને મારે જવું પડશે ?' પછી એવા ચિંતાતુર થઈ ગયા કે અન્ન-જળ પણ ભાવે નહીં.

પછી ગાડું જોડાવીને તેઓ પોતાનાં માતા-પિતા તથા સ્ત્રીની સાથે આંબા ગામે દેવશી ભક્ત પાસે આવ્યા. કેમ કે, આ દેવશી ભગત પર મહારાજનો ખૂબ રાજીપો હતો. કોઈ ભગતને પોતાના ધામમાં લઈ જવાના હોય, ત્યારે મહારાજ તેમને જણાવતાં ને ક્યારેક દેવશીભાઈની પ્રાર્થનાથી મહારાજ તે ભક્તની આયુષ્ય પણ વધારી દેતા.

દેવશીભાઈને મળીને દેવરાજભાઈએ પોતાની મનોવ્યથા વ્યક્ત કરીને કરગરતા કહ્યું કે, "ભાભા, મેં આઠ દિવસથી અન્ન ખાધું નથી. તમો કહો તો હું ગઢપુર રસોઈ આપું અને કહો તો જૂનાગઢ રસોઈ આપું, પણ તમે મહારાજને પ્રાર્થના કરો કે હમણાં મને ધામમાં ન લઈ જાય."

દેવશીભાઈ કહે, "બહુ સારું, તારે સાટે જો તારો બાપ જાય તો મહારાજ તને ન લઈ જાય." દેવરાજભાઈ કહે, "હા, એ ઠીક ! આમેય એ તો વૃદ્ધ થયા છે."

પછી દેવરાજભાઈએ પોતાના પિતાને કહ્યું કે, "જો તમે મારે સાટે ધામમાં જાઓ તો મહારાજ મને ન લઈ જાય." ત્યારે તે બોલ્યા જે, "મારે ને તારે શું લેવા દેવા છે ? તું તો પરણીને તરત નોખો થયો છે અને વળી કોઈ કોઈને સાટે જાય ?"

પછી દેવરાજભાઈએ દેવશીભાઈને તે વાત જણાવી, ત્યારે તેમણે કહ્યું જે, "જો તારી મા તારા બદલે જાય તોપણ મહારાજ તને ન લઈ જાય." પછી તેમણે માને કહ્યું જે, "મા ! તમે મારે સાટે ધામમાં જશો ? " ત્યારે તેમની મા બોલી જે, "ગાંડો થયો કે શું ? હવે હું એક સાડલો ફાડીશ, તે સારુ મારું મોત બગાડીશ ? શા માટે હું અત્યારે તારે સાટે જાઉં ?"

પછી દેવશીભાઈને તે વાત જણાવી, ત્યારે તેમણે કહ્યું, "તારી ઘરવાળી કે જે તારી અર્ધાંગના કહેવાય, તે તારા બદલે જાય તોપણ મહારાજ તને ન લઈ જાય." પછી દેવરાજભાઈએ પત્નીને કહ્યું જે, "તું મારા સાટે ધામમાં જા તો હું બીજું ઘરવાળું કરીશ અને છોકરાં સાચવીશ." ત્યારે તે બાઈ બોલી જે, "મૂઆં તમારાં છોકરાં ! હું તો તમારા તેરમા સુધી જ રહેવાની છું. પછી હું તો તમારે ઘેર જ રહેવાની નથી."

પછી તો દેવરાજભાઈ અતિ ઉદાસ થઈને દેવશીભાઈ પાસે આવ્યા અને બધી વાત કરી. દેવશીભાઈએ કહ્યું, "તપાસ, આમાં ખરેખર તારું કોઈ છે ?" છતાં દેવરાજભાઈને આસક્તિ હતી, તેથી દેવશીભાઈએ કહ્યું જે, "ગઢપુર જઈને રસોઈ દેજે એટલે મહારાજ તને તેડવા નહિ આવે."

વહાલા ભક્તો, દેવરાજભાઈ પોતાનાં માતા-પિતાને અને પત્નીને જેવાં માનતા હતા, વાસ્તવમાં તે તેવાં હતાં નહીં; અર્થાત્ તેઓ આ સંસારની વાસ્તવિકતા જાણતા ન હતા. વળી, તેની સામે પોતાને ધામમાં લઈ જનાર શ્રીહરિના મહિમાને પણ યથાર્થ જાણતા ન હતા. તેથી જ જ્યારે તે બધું છોડીને ભગવાનના ધામમાં જવાનું થયું, ત્યારે અતિશય મૂંઝવણ થઈ. તેથી પૂ.ગુરુજી કહે છે –

**વાસ્તવિકતા જાણે તે, સુખી રહે છે જ્ઞાન;**
**કડવું સત્ય તો એ છે, દુઃખ દે છે અજ્ઞાન.**

જે પોતે આત્મા કેવો છે, દેહના સંબંધીઓ, માયિક ભોગો ને સુખો વગેરે કેવાં છે ? અને સૌના માલિક એવા પુરુષોત્તમ નારાયણ કેવા છે ? તેને વાસ્તવિક દૃષ્ટિએ જેવા છે તેવા યથાર્થ જાણે, તે સદા પોતાના સુખે સુખી એવા આત્મારૂપે રહ્યો થકો પોતાના કરતાં પણ વધુ સુખદાયી એવા શ્રીહરિના સુખે સદા પરમ સુખી રહે છે. સૌને માન્ય એવાં વેદ, પુરાણ, શાસ્ત્રો, મોટા મોટા સંતો, વચનામૃત જેવાં શાસ્ત્રો વગેરે બધા જ આ વાતને પરમ સત્ય કહે છે, પરંતુ અપાર ગાઢ મોહના કારણે તે સત્ય હોવા છતાં કડવી લાગે છે.

આપણા સંપ્રદાયના પ્રમાણભૂત શાસ્ત્ર હરિવાક્યસુધાસિંધુમાં કહેલ છે કે,

**आनन्दमूर्तिः श्रीकृष्णस्तत एव सुखोदयः।**
**तद्भिन्ना विषयाः सर्वे दुःखदा मायिकत्वतः।।**
**(તરંગ : ૮૦/૬૦)**

શ્રીકૃષ્ણ નામથી કહેવાતા પુરુષોત્તમ નારાયણ જ આનંદનું સ્વરૂપ છે, અને તેથી તે જ પરમ સુખદાયી છે; તે સિવાયના સર્વે વિષયો માયિક હોવાથી દુઃખદાયી છે.

વળી, કોઈ શાસ્ત્રમાં કહેલ છે કે,

**दासभूताः स्वतः सर्वे ह्यात्मानः परमात्मनः।**
**नान्यथा लक्षणं तेषां बन्धे मोक्षे तथैव च।।**

બદ્ધ અવસ્થામાં માયિક દેહધારી હોય કે મુક્તિ અવસ્થામાં દિવ્ય દેહધારી હોય, અર્થાત્ સદૈવ સર્વે આત્માઓ પરમાત્માના સ્વતઃ દાસ છે; તેથી આપણે આત્માએ સદૈવ આપણા માલિક એવા પરમાત્મા શ્રીજીમહારાજના દાસ થઈને તેમની મરજીમાં જ રહેવાનું છે.

આત્મા, પરમાત્મા અને માયાની આવી ઘણા પ્રકારની વાસ્તવિકતા પૂ.ગુરુજીની કથાવાર્તાના શ્રવણ અને શાસ્ત્રવાંચન દ્વારા આપણે થોડી-ઘણી જાણીએ છીએ, પણ ટાણે યાદ આવે તો અંતરથી સદા સુખી રહેવાય. માટે પૂ.ગુરુજીનો આ દોહો જીવનમાં ડગલે ને પગલે યાદ કરવા જેવો છે. સંસારમાં, વ્યવહારમાં અને સત્સંગમાં સદા સુખી, આનંદી અને નિર્ભય રાખે એવો છે. માણસ જ્યારે વાસ્તવિકતા સમજી શકતો નથી, ત્યારે તેને મોહ થાય છે. પછી તેમાંથી આસક્તિ, દેહાભિમાન, અહંકાર, અભાવ, અવગુણ, ઈર્ષ્યા, દ્રોહ વગેરેની પ્રવૃત્તિ થાય છે, ને પછી દુઃખી થાય છે.

માટે જીવનમાં એકલા કે કોઈ સાથે કોઈ પણ કામકાજ કરતી વખતે જ્યારે કાંઈક તકલીફ પડે, દુઃખ થાય, મૂંઝવણ થાય કે કોઈનો અભાવ અવગુણ આવે કે તરત જ જો વાસ્તવિકતા વિચારીએ તો હર્ષ કે શોક થાય નહીં, ને અંતરમાં શાંતિ ને સુખ રહે.

જે વાસ્તવિક છે, અર્થાત્ સત્ય છે તે સત્ય જ રહેવાનું છે, તે આપણને ગમે કે ન ગમે; આપણે સ્વીકારીએ કે ન સ્વીકારીએ; આપણે ગમે તેટલા ધમપછાડા કરીએ તોપણ તે બદલાતું નથી. માટે સુખી થવા માટે વાસ્તવિકતા સ્વીકાર્યા વિના છૂટકો જ નથી. તેથી જ પૂ.ગુરુજી આપણને પોતાના જાણીને કહે છે કે,

**વાસ્તવિકતાને જેટલી, વહેલી સ્વીકારો જ્ઞાન;**
**એટલા વહેલા સુખી થશો, પામી જશો ભગવાન.**

●●●

# ઈચ્છાને ન દો પ્રબળ થવા, એ જ ડિપ્રેશનની દવા...



લેખક : સાધુ સંકીર્તનદાસ
ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી



ડિપ્રેશન એ આજના ફાસ્ટ અને મોર્ડન યુગની એક એવી દેન છે કે, જેની ચુંગાલમાં ઓછા-વત્તા અંશે બહુધા ફસાઈ રહ્યા છે. મનોચિકિત્સકોના એક રીપોર્ટ મુજબ આપણા દેશમાં દર બાર વ્યક્તિએ એક વ્યક્તિ ડિપ્રેશન, એટલે કે હતાશાનો પેશન્ટ હોય છે. અને આત્મહત્યાના દર ત્રણ કેસમાંથી બે કેસનું કારણ પણ ડિપ્રેશન જ હોય છે. પુરુષપ્રધાન આ વિશ્વમાં ડિપ્રેશનના ૧૦૦ કેસમાંથી ૭૦ કેસ મહિલાઓના હોય છે.

મનોચિકિત્સકોના કહેવા પ્રમાણે ડિપ્રેશન એટલે વિચારોનું એવું વંટોળિયું, જે શમાવ્યું પણ ન શમે. ઓછામાં ઓછા ૧૫ દિવસ સુધી કોઈ વ્યક્તિ સતત ગુમસૂમ રહે અને તેને કાયમ આનંદ આપનારી ચીજો પણ આનંદમાં ન લાવી શકે, તો તે ડિપ્રેશનમાં હોઈ શકે. ડિપ્રેશન થવાનાં કારણો ઘણાં બધાં હોઈ શકે. જેમ કે, કોઈ દવાની આડઅસર, પોષકતત્ત્વોની અછત, મગજમાં સિરોટોનીન ઘટવું, ઊંઘનો અભાવ, વારસાગત, કૌટુંબિક ઝઘડા, મોટી જવાબદારી, કુદરતી આફતો, સ્વજનનો વિયોગ, અન્ય દ્વારા તિરસ્કાર-કોમેન્ટ-શોષણ કે ભય વગેરે વગેરે.... પરંતુ ઉપરની તમામ પરિસ્થિતિને બદલવી એ આપણા હાથની વાત નથી. એમાં સ્વસ્થ અને સુખી રહેવાનો જો કોઈ એકમાત્ર ઉપાય હોય તો એ છે : ભગવદ્આશરો. **જો ભગવદ્આશરો સો ટકા તો આનંદ પણ સો ટકા.**

ઉપરની તમામ પરિસ્થિતિથી વિપરીત અને જેને લઈને ડિપ્રેશનનો દર આજે આસમાને પહોંચ્યો છે, એવું જબ્બર કોઈ કારણ હોય તો એ છે ‘આપણી મહેચ્છા’. ભગવાને આપેલી ઇચ્છાશક્તિ દ્વારા આપણે ભાત ભાતની ઇચ્છાઓ તો કર્યા કરીએ છીએ અને તેને પૂરી કરવા માટેનાં સપનાંઓ જોઈ જોઈ તેને દિવસે ને દિવસે પ્રબળ પણ બનાવ્યા કરીએ છીએ. પણ આપણી તે ઇચ્છાની પૂર્તિ માત્ર ભગવાન ઇચ્છે તો જ સંભવે. એટલે જ કહેવાય છે કે,

### "બલીયસી કેવલ હરિઇચ્છા"

> સ્વસ્થ અને સુખી રહેવાનો જો કોઈ એકમાત્ર ઉપાય હોય તો એ છે **ભગવદ્આશરો.**

આજે મોબાઇલનો મનગમતો ઉપયોગ કરવા ન મળતાં, મનભાવતું ભોજન ન મળતાં અને મનેચ્છિત રીઝલ્ટ પ્રાપ્ત ન થતાં ઘણાં બાળકો ડિપ્રેશનનો શિકાર બની રહ્યાં છે. તો કોઈને પ્રશ્ન થાય કે ઉચ્ચતમ રીઝલ્ટ પ્રાપ્ત કરવાની ઇચ્છા એ ભૂલ છે ? હા. કારણ કે, રીઝલ્ટ આપવું એ ભગવાનના હાથની વાત છે અને મહેનત કરવી તે આપણા હાથની વાત છે; માટે નિશ્ચિત રીઝલ્ટ પ્રભુ પ્રેમથી પ્રદાન કરે તે માટે મારે સો ટકા મૂકીને મહેનત કરવી જ છે તેવી ઇચ્છાને પ્રબળ બનાવીએ, તો મહેનત કરવાનો ઉત્સાહ પણ રહે અને ભગવાન જે રીઝલ્ટ આપે તેમાં આનંદ પણ રહે. **જે મા-બાપ તેનાં બાળકની અયોગ્ય ઇચ્છાઓને કંટ્રોલ કરવાને બદલે પૂર્યા જ કરે છે, તે બાળક તેટલો વહેલો ડિપ્રેશનનો શિકાર બને છે.**


યુવા વર્ગમાં મનગમતી નોકરી કે છોકરીની ઇચ્છા, વિદેશના વિઝા કે વખાણની (એટલે કે Likeની ) ઇચ્છા તેમજ રાતોરાત કરોડપતિ કે ફેમસ થવાની ઇચ્છાને કારણે લાખો યુવાનો પોતાનો સમય અને શક્તિની ધૂળધાણી કરી રહ્યા છે. અને તેમાં ઇચ્છિત પરિણામો ન મળતાં આત્મઘાત સુધીનાં પગલાં પણ રમતા રમતા ભરી રહ્યા છે. વૃદ્ધોને પણ લાંબુ જીવવાની આશા, સારા સ્વાસ્થ્યની આશા. વળી, સૌ મારી મર્યાદા રાખે, મારું ધ્યાન રાખે તેવી અપેક્ષાઓ પણ ડિપ્રેશન તરફ દોરી રહી છે. પરંતુ આ ઇચ્છાઓ જીદમાં પરિણમે ત્યારે તેનાં પરિણામો ખૂબ જ માઠાં હોય છે.

સંપત્તિ અને સત્તાનો યોગ, કોઈ કાર્યમાં કુશળતા કે કળા, સમાજમાં થતી દેખાદેખી તેમજ સોશિયલ મીડિયામાં આવતી અત્યંત દાંભિક અને લોભામણી જાહેરાતો એવી અનેક અયોગ્ય ઇચ્છાઓને જન્મ આપે છે; જેનું પરિણામ કેવળ દુઃખ, દુઃખ અને દુઃખ જ હોય છે. અને અંતરમાં પડેલી પંચવિષયની વાસના અને કોઈ મને સારો ગણે - કહે તેવી ઊપસવાની વાસનાને કારણે તે ઇચ્છાઓ પ્રબળ થતાં થતાં નિશ્ચયનું સ્વરૂપ લે છે, ત્યારે તે અત્યંત વેગવાન વિચારો સાથે ડિપ્રેશનને નોતરે છે.

વહાલા ભક્તો, ડિપ્રેશનની આ દર્દમય દુનિયાથી જો આપણે બચવા માંગતા હોઈએ, તો જેની વહાલા મહારાજ, અનુભવી ગુરુજનો-વડીલો કે હિતેચ્છુ મિત્રો ના પાડતા હોય, તેવી તમામ ઇચ્છાઓ નિશ્ચયમાં બદલાઈ જાય તે પહેલાં જ તેને તિલાંજલિ આપી દેવી જોઈએ. આ લોકમાં જેની પ્રાપ્તિ થશે જ તેની કોઈ ગેરંટી જ નથી, તેવી ઇચ્છાઓને પ્રબળ બનાવવી; એ જાણી જોઈને હેરાન થવાનો રસ્તો છે. હા, તે માટે આપણે પ્રભુને પ્રાર્થના અને મન મૂકીને મહેનત જરૂર કરી શકીએ, પણ અંતે તો અંતરથી એક જ સૂર નીકળવો જોઈએ.....

### "જેવી મારા મહારાજની મરજી"

સર્વકર્તા શ્રીહરિ સદૈવ સૌનું હિત જ ઇચ્છે છે અને કરે છે. એમાંય પોતાની આજ્ઞા પાળનારા અને શરણાગત ભક્તોને તો વહાલા મહારાજ શૂળીનું દુઃખ કાંટે મટાડી અત્યંત વહાલથી સાચવે છે. જો આ વાત દૃઢપણે મનાઈ જાય તો ડિપ્રેશન તો દૂરની વાત, પરંતુ દરેક પરિસ્થિતિમાં આનંદ જ આનંદ રહે. અને ભગવદ્ભક્ત તરીકે જો કોઈ ઇચ્છા પ્રબળ કરવી જ હોય, તો તે એકમાત્ર ભગવાનને પામવાની જ કરવી. કારણ કે, ભગવાને તે ઇચ્છા કોઈની પૂરી ન કરી હોય તેવું હજી સુધી બન્યું નથી. ●●●



# સૂચનો આવકાર્ય છે...

લેખક : સાધુ આત્મીયસ્વરૂપદાસ
ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

આજ સુધી મેં આશિષભાઈના જીવનમાં કદી કોઈ પણ પ્રકારની નેગેટિવિટી જોઈ નથી. વિરોધ કરનારા સાથે પણ તેમનો અઘટિત વર્તાવ જોવા ન મળે. તેમની વાણી કે વિચારોમાં પણ કોઈના પ્રત્યે હલકો ભાવ ન જણાય. **પાર્ટનર હોય કે કસ્ટમર; મજૂર હોય કે ફેમિલી મેમ્બર; સહુકોઈની સાથે તેમનો વ્યવહાર અને સંબંધ ખૂબ જ નિરાળો.** તેમની વર્તણૂક એટલી બધી મેનર્સવાળી કે ન પૂછો વાત. ઠંડા કલેજાથી વિનમ્રપણે એવી પ્રેમભરી વાત કરે કે સામાનો ગુસ્સો સો ગાઉ દૂર ચાલ્યો જાય. સામાજિક દૃષ્ટિએ તેઓ મોટા હોવા છતાં સંતો-હરિભક્તો પાસે તો હંમેશાં પોતાને ઝીરો દર્શાવ્યા કરે.

મારામાં તેમનાથી સાવ ઊલટું. વાતની વાતે મારી ઊગ્રતા બોર્ડર વટાવી જાય. બોલીનો તો હું એવો કોબાડ કે મારા વાક્બાણથી ભલભલા વીંધાઈ જાય. મારી ફોઈએ મારું નામ આદર રાખ્યું છે, પણ મને નથી સમજાતું કે આવું નામ પાડવામાં એણે કેવા પ્રકારના ગ્રહો અને રાશિઓ મેળવ્યા હશે ! કેમ જે, અન્યને આદર આપવા બાબતે હું મીંડું છું. મારાં વેધક વાણી-વર્તનને લઈને સૌ મારાથી છેટા ભાગે છે ને મારી સાથે પ્રસંગો પાડવાનું ટાળે છે, ત્યાં સુધી કે ઘરના સભ્યો પણ મારી સાથે માથાકૂટ ન કરવાનું પસંદ કરે છે. **હમણાંથી સત્સંગ થતાં મારા સ્વભાવમાં જે કાંઈ સુધારો થયો છે એને તો હું ચમત્કાર જ માનું છું. મારા આ બદલાવના પાયામાં જવાબદાર છે - આશિષભાઈની વર્તનસભર વાતો.**

એક દિવસ સવારની કથા સાંભળતાં મને મારા અજ્ઞાનની જોરદાર અસર આવી. એ કથાએ મને આશિષભાઈની ઓફિસે પહોંચાડી દીધો. અસર કરેલ કથાનું અનુસંધાન કહી હું મારી ખામીઓ ટાળવાના ઉપાયો પૂછવા લાગ્યો. વળી, આ પ્રસંગે તેમના આવા નિરાળા જીવન અંગેનું રહસ્ય જાણવાની પણ મેં કોશિશ કરી; પરંતુ આ સમયે આશિષભાઈ તો સ્વને ભૂલી પરમાં ખોવાયેલા હતા. તેથી જાણે કે મારી વાત ધ્યાનમાં જ ન હોય એમ તેઓ પોતાના પાર્ટનર વિકાસભાઈ વિશે બોલવા માંડ્યા. વાત કરતાં કરતાં પોણો કલાક કેમ વીતી ગયો તેની ખબર ન રહી. આ બધી વાતોમાં મારા ઘણાક પ્રશ્નો આપોઆપ ઉકેલાઈ ગયા. કેટલાક પ્રસંગોએ તો મને વિચારતો કરી દીધો.

મને થયું કે વ્યવહારમાર્ગમાં પરસ્પર મતભેદ કે મનભેદ થયા વગર ભાગ્યે જ રહે. જ્યારે આશિષભાઈ અને વિકાસભાઈ તો લગભગ ૧૨ વર્ષથી પાર્ટનર તરીકે ભેગા છે, પરંતુ આજ સુધી એ બંનેને જરા જેટલીય ટસલ થઈ નથી. વળી, એમાંના વિકાસભાઈના રફ વ્યક્તિત્વમાંથી પણ સદ્‌ગુણો ખોળી કાઢવા અને આટલા પ્રભાવિત થઈને પોણો કલાક સુધી તેમના ગુણો ગાવા - આ બધું મારે મન તો બહુ અઘરું છતાં અનુકરણીય લાગ્યું. એમની વાતોથી મને મારી ઘણીક ભૂલો ઓળખાઈ.

અંતે છૂટા પડતી વેળાએ યાદ આવતાં મને એક વસ્તુ પૂછવા જેવી લાગી, તે મેં પૂછી લીધી. આશિષભાઈ ! તમારી ઓફિસ બહાર પેટી ઉપર એક વાક્ય લખેલું છે. - "સૂચનો આવકાર્ય છે..." એ શા માટે ? એનાથી તો... મારા પ્રત્યુત્તરમાં આશિષભાઈએ બોલવા માંડ્યું, "અરે ભાઈ આદર ! **આ આશિષને સૂચનોએ જ ઘડી ઘડીને સૌનો આશિષપાત્ર બનાવ્યો છે. ચાહે વ્યાવહારિક માર્ગ હોય કે પછી આધ્યાત્મિક માર્ગ; મારા પરમ હિતેચ્છુઓના સૂચનોએ જ મને સુધાર્યો છે, આગળ વધાર્યો છે, ખરેખર બહુ જ ફાયદો થયો છે.** આદર ! કોઈનું સૂચન ભલે નાનું હોય કે મોટું; નામી હોય કે અનામી; સાચું જણાતું હોય કે

ખોટું; પરંતુ ક્યારેક એ જ આપણી ભાગ્યરેખા બદલી નાંખતું હોય છે. તેથી કેટલાક સુખદ અનુભવોને અંતે મેં એવું નક્કી રાખ્યું છે કે કોઈના સૂચન-વચનને કદી પણ નકારવું નહીં; ને એટલે જ મેં સૂચનપેટી મૂકી તેના પર લખ્યું છે કે, "સૂચનો આવકાર્ય છે."

થોડા દિવસ પહેલા મેં એ પેટી ખોલી, તો તેમાં સાત સૂચનો હતાં. તેમાંનાં બે સૂચનોથી તો મને ઘણું બધું શીખવા મળ્યું. કેવા કેવા વ્યક્તિઓ મારી પ્રગતિ અને મારું સુખ ઇચ્છે છે એની મને પહેલી વાર ફીલિંગ આવી. વળી, ત્રણ સૂચનો દ્વારા લોકોની જરૂરિયાત જાણવા મળી. એક અનામી સૂચનને હું નહિ ભૂલી શકું ! તેણે મને ધંધાની કેટલીક ફોર્મ્યુલા અંગે ડ્રોઈંગ કરી નવી તકો બતાવી. બીજું **એક અનામી સૂચન ઈર્ષ્યાથી લખાયેલ હતું, પરંતુ તે પણ મને ઘણો સાવધાન કરી ગયું. આમ દરેક સૂચને મને કાંઈક ને કાંઈક નવું શીખવ્યું છે.**

આદર ! મને વિચાર આવતા હતા કે આમ સૂચનપેટી દ્વારા કોઈ આપણું હિત કરે, એના કરતાં મુખોમુખ આપણી ભૂલ કે પ્રગતિનો ઉપાય બતાવીને આપણું ભલું કરી શકે, તો એ કેટલું બધું સારું કહેવાય ! પણ ખેર, કદાચ આપણી પાત્રતામાં રહેલી ખામીને લઈને જ લોકોને સૂચનપેટીનો સહારો લેવો પડતો હશે ને ! ઘણી વાર આપણે જ એવા કઠોર અનુભવો આપ્યા હોય એટલે તેઓ આપણને કહી શકવાની હિંમત ન કરતા હોય; એમાં એમનો બિચારાનો શો વાંક ! **મને લાગે છે કે આપણને સૂચન કરી શકે, વઢી-ટોકીને પણ આપણું ભલું કરી શકે એવા કેટલાક હિતેચ્છુઓ તો હોવા જ જોઈએ.**

આ અંગેના ઘણાક અનુભવોને અંતે મને પાકું થઈ ગયું છે કે જો આગળ વધવું હોય, આપણી શુદ્ધિ-વૃદ્ધિ કરવી હોય તો સદ્.શ્રીગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે તેમ પોતાની ભૂલ ઓળખાવે એવા સંતો-ભક્તો સાથે જીવ બાંધવો જ રહ્યો, ને તેમને સામેથી મળતા રહી કહેવું જે, **"હુંમાં જે જે વાતની ખોટ હોય તે દયા કરીને તમે કહેશો ? એમ રોજ કહેવું. કાં આઠ દિવસે, કાં મહિને તો જરૂર કહેવું."** સ્વામીએ કરેલ આ વાત મુજબ જે સંતો-ભક્તોના સૂચનને ધ્યાનમાં લઈ પોતાની ભૂલ સુધારતો જાય તે ટૂંક સમયમાં મહારાજનું ગમતું પાત્ર બની જાય.

**પ્રભુનું ગમતું પાત્ર બનવા માટે સૂચન અને સૂચન કરનારા અંદરથી ગમવા જોઈએ; હિતકારી મનાવા જોઈએ. આ અંગે હંમેશાં સવળું લેવું જોઈએ.** કદાચ કોઈક સૂચન આપણને કડવું લાગે એવું હોય, તોપણ આપણા સુખ માટેનું હોય તો એને વધાવવું જ રહ્યું. બની શકે કોઈનાં ૧૦ સૂચનોમાં કદાચ એક-બે સૂચન ખોટાં પણ હોય, આપણા માટે કામનાં ન હોય, માત્ર રાગ-દ્વેષમાંથી જન્મેલાં હોય; પરંતુ બાકીનાં બધાં તો આપણને ઉપયોગી હોય; માટે સૂચનને સ્નેહથી સ્વીકારતા શીખવું જોઈએ.

**જે વ્યક્તિ અન્યના સૂચનને પોતાના વ્યક્તિત્વની પૂર્તિ કરવાનું માધ્યમ સમજી તેને વધાવતા શીખી જાય, તેને મહાન બનતા કોઈ રોકી ન શકે.** આમાં બની શકે કોઈની સૂચન કરવાની રીત આપણે ઇચ્છીએ એવી ન પણ હોય, પરંતુ જો એમાં આપણું હિત કરવાની ભાવના સમાહિત હોય, તો આપણે એ ભાવનાને જ જોવી જોઈએ; નહિ કે તેમની બોલી, શૈલી કે સ્વાભાવિક પ્રકૃતિ. વળી, આ અંગે તેમને થેંક્યુ કહી હૃદયપૂર્વક તેમના આભારી પણ બનવું જોઈએ. કેમ જે, આપણને મળનાર પ્રગતિ, સફળતા અને પ્રાપ્તિ તેમનાં સૂચનોને આભારી છે."

આશિષભાઈની આ બધી અનુભવની વાતો સાંભળી હું મનોમન વિચારી રહ્યો હતો કે આજ સુધી મેં સૂચન અને સૂચન કરનારાને મારા દુશ્મન માની તેમનામાં રાગ-દ્વેષ કે ઈર્ષ્યા કલ્પ્યાં છે. તેમને અનેક વાર ઠુકરાવ્યા છે. અરે, કેટલીક વાર તો પાઠ પણ ભણાવી દીધા છે. પણ હવેથી આશિષભાઈના કહ્યા મુજબના રસ્તે ચાલી મારે મારી ભૂલો સુધારી લેવી છે. સૌનો સ્વીકાર કરવો છે. મારો અહંકારી સ્વભાવ છોડવો છે. સામાને સાંભળવાનું-સમજવાનું કામ પહેલું કરવું છે. સૌને સુખરૂપ થવું છે. આવા વિચારો તથા ઠરાવો સાથે તેમને થેંક્યુ કહીને હું છૂટો પડ્યો.

વહાલા વાચકો ! **સૂચનનો સ્વીકાર કરવાની આશિષભાઈની વાતો મારા માટે તો ખૂબ અસરકારક રહી. મને વિશ્વાસ છે કે આ વાતો મારા જીવનમાં હજુ પણ ઘણોક બદલાવ લાવશે.** કદાચ થોડી ઘણી તમને પણ ઉપયોગી નીવડે...



# મૂર્તિ

લેખક : સાધુ મૂર્તિસ્વરૂપદાસ
ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી



વહાલા ભક્તો ! આ દુનિયામાં જડ પદાર્થ હોય કે ચેતન; તમામને જો સારા બનવું હોય કે શ્રેષ્ઠ થવું હોય તો પોતાને ઘડતરરૂપી એરણમાં સમર્પિત થવું પડે, ત્યાં જવું પડે, પિસાવું પડે. હા, એક વાત ચોક્કસ છે કે જ્યારે ઘડતર થતું હોય ત્યારે માણસ હોય કે વસ્તુ, તે સારી ન લાગે અને જેનું ઘડતર થતું હોય તે માણસને અને વસ્તુને પણ સારું ન લાગે. આપણા વહાલા ગુરુજી કહે છે ને કે જ્યારે પણ ચણતર, ભણતર અને ઘડતર થતું હોય ત્યારે તે બહુ સારું ન લાગે, પણ એકવાર થઈ ગયા પછી તે ખૂબ જ સારું લાગે છે. તો ચાલો, આપણે પણ આ જીવનઘડતરની પાઠશાળામાંથી એક શીખ લઈ લઈએ.

પહાડોથી ઘેરાયેલા એક નાનકડા ગામમાં એક પ્રતિભાશાળી શિલ્પકાર રહેતો હતો. આ શિલ્પકારની ખ્યાતિ દૂર દૂર સુધી પ્રસિદ્ધ હતી. તે જે પથ્થરને હાથ લગાડે તે પથ્થર જીવંત મૂર્તિમાં બદલાઈ જતો. એક સમયની વાત છે. એક દિવસ આ શિલ્પકારને બે વિશેષ પથ્થરો જોવામાં આવ્યા. તેણે બંને પથ્થરોમાંથી ભગવાનની સુંદર પ્રતિમા બનાવવાનું નક્કી કર્યું.

શિલ્પકારે બંને પથ્થરોને ધ્યાનપૂર્વક જોયા. પહેલા પથ્થર તરફ જોતાં જ તેને લાગ્યું કે આ પથ્થર સંપૂર્ણ રીતે સચોટ છે. પછી શિલ્પકારે પોતાની છીણી અને હથોડી લઈને પ્રથમ પથ્થર પર કામ કરવાનું શરૂ કર્યું. તે જે ઘા મારતો તે પથ્થર સહન કરતો અને આકાર લેવા તૈયાર રહેતો. જાણે કે પથ્થર પોતાનું પોતાપણું છોડી સ્વયં શિલ્પકારને સમર્પિત થઈ ગયો હોય, એમ ઘા પછી ઘા સહન કરતો ! પોતાનામાં કોઈ જ પ્રકારની ખોટી રીતે ખંડિત થવાની વૃત્તિ આવવા દેતો નહીં.


બીજી બાજુ, બીજો પથ્થર કઠણ અને અણગમો હતો. શિલ્પકાર જ્યારે તેને છીણી અને હથોડી લઈને તેની પર ઘા મારતો, ત્યારે તે પથ્થરમાં તિરાડો થતી અને સુંદર મૂર્તિના ઘડતરમાં તેની આ વૃત્તિને લઈને રૂકાવટ આવતી. તે પથ્થર પોતાના અહંકારમાં બંધાયેલો હતો અને શિલ્પકારના ઘા સહન કરવા માટે તૈયાર ન હતો. જોકે શિલ્પકાર ખૂબ જ મહેનત કરી રહ્યો હતો, પરંતુ આ પથ્થર પોતાની જાતને શિલ્પકારના હાથમાં આકાર આપી શકતો નહોતો. આખરે શિલ્પકારે નિરાશ થઈને તેને અધૂરો છોડી દીધો.

અંતમાં શિલ્પકારે પ્રથમ પથ્થરમાંથી એક સુંદર અને આકર્ષક ભગવાનની મૂર્તિ તૈયાર કરી. તે ગામલોકો માટે દર્શનીય અને પૂજનીય બની; જ્યારે બીજો પથ્થર, કે જે શિલ્પકારની માર્ગદર્શિકાને સ્વીકારવા તૈયાર નહોતો, તો તે પથ્થર જ રહ્યો અને તેની કોઈ જ કિંમત વધી નહીં.

વહાલા ભક્તો ! જેમ શિલ્પકાર પોતાની પ્રતિભાથી એક પથ્થરને સુંદર મૂર્તિમાં બદલવા માટે પ્રયત્ન કરે છે, તેમ જ આપણા ગુરુજી અને સંતો પણ આપણા જીવનના શિલ્પકાર છે. તેઓ આપણને મનુષ્યમાંથી મુક્ત બનાવવાનો પ્રયત્ન કરે છે. પરંતુ એ ક્યારે શક્ય બને છે ? જ્યારે આપણે તેઓને સ્વ-ઘડતર માટે પૂરી રીતે સમર્પિત થઈએ, ત્યારે તેઓ આપણને શ્રેષ્ઠ મુક્ત બનાવી શકે; પરંતુ જો આપણે આપણા અહંકારમાં બંધાઈ જઈએ અથવા આપણી કુટેવો, વાસનાઓ છોડી ના શકીએ, તો આપણને સંતો ઘડી શકે નહિ અને આપણું જીવન ઘડ્યા વગરનું અધૂરું રહી જાય. ●●●

# શ્રધ્ધાંજલી

## ● અક્ષરવાસ : અ.નિ.પ.ભ.શ્રીવિજયભાઈ ભાયલાલભાઈ પટેલ




મૂળગામ સાવલી અને હાલ વડોદરામાં રહેતા પ.ભ.વિજયભાઈ ભાયલાલભાઈ પટેલ તા.૦૧/૦૨/૨૫ના રોજ ૭૧ વર્ષની ઉંમરે શ્રીજીમહારાજનું સ્મરણ કરતા અક્ષરવાસી થયા છે. તેમનો આખો પરિવાર સત્સંગી છે. વિજયભાઈને મંત્રલેખન અને માળારૂપી ભજન કરવાનું સારું અંગ હતું. તેઓ શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરામાં રસોડા વિભાગમાં સેવા કરતા હતા; આવા વિજયભાઈના આત્માને મહારાજ ધામમાં પોતાની મૂર્તિનું મહાસુખ આપે એ જ પ્રાર્થના...

## ● અક્ષરવાસ : અ.નિ.પ.ભ.શ્રીમહેશભાઈ શંકરલાલ મિસ્ત્રી-હાલોલ




મૂળગામ હાલોલમાં નિવાસ કરીને રહેતા પ.ભ.મહેશભાઈ શંકરલાલ મિસ્ત્રી તા.૨૬/૦૧/૨૦૨૫ના રોજ ૭૧ વર્ષની ઉંમરે પ્રભુ સ્મરણ કરતાં કરતાં અક્ષરવાસી થયા છે. તેઓ આપણા હાલોલવાળા ડોક્ટર પંકજભાઈના સસરા હતા. આ મહેશભાઈનો આખો પરિવાર મહારાજની ખૂબ નિષ્ઠા રાખીને સત્સંગ રાખે છે તેમજ બધી જ કથા અને રવિસભાનો નિયમિત લાભ લે છે. એકાદશીની રાત્રે અચાનક તેઓ બોલ્યા "આ પીળા વાઘાવાળા મહારાજ પીળી પાઘ પહેરીને મને લેવા આવ્યા છે." પછી બીજા દિવસે તેઓ મહારાજના ધામમાં સિધાવ્યા. આવા મહેશભાઈના આત્માને મહારાજ અખંડ પોતાની મૂર્તિનું મહાસુખ આપે તથા પરિવારજનોને તેમના જેવા સદ્‌ગુણો શીખવાનું બળ આપે એ જ પ્રાર્થના...

## ● અક્ષરવાસ : અ.નિ.પ.ભ.શ્રીપરબતભાઈ ખીમજીભાઈ ડબાસિયા



મૂળગામ માધાપર(કચ્છ) અને હાલ કાર્ડિફ(લંડન)માં રહેતા પ.ભ.પરબતભાઈ ખીમજીભાઈ ડબાસિયા તા.૦૨/૦૨/૨૫ના રોજ ૭૩ વર્ષની ઉંમરે શ્રીજીમહારાજનું સ્મરણ કરતા થકા અક્ષરવાસી થયા છે. તેઓ કાર્ડિફમાં રહેતા પ્રકાશભાઈ ડબાસિયા કાર્ડિફવાળાના પિતાશ્રી હતા. આ પ્રકાશભાઈનો આખો પરિવાર સત્સંગી છે અને અવારનવાર કુંડળધામમાં આવી સત્સંગ-ભજનનો લાભ લે છે અને કુંડળધામથી થતી સવારની કથા અને રવિસભાનો લાભ લે છે. પરબતભાઈના આત્માને મહારાજ ધામમાં પોતાનું દિવ્ય સુખ આપે એ જ અભ્યર્થના...

## ● અક્ષરવાસ : અ.નિ.પ.ભ.શ્રીઘનશ્યામભાઈ મેઘાભાઈ ચાવડા



મૂળગામ રાયસંગપુર(નવા)માં રહેતા પ.ભ.ઘનશ્યામભાઈ મેઘાભાઈ ચાવડા તા.૦૨/૦૨/૨૫ના રોજ ૭૧ વર્ષની ઉંમરે પ્રભુ સ્મરણ કરતા અક્ષરવાસી થયા છે. તેઓ રાયસંગપુરના યુવાસભ્ય ભરતભાઈ અને કરશનભાઈના પિતાશ્રી હતા. તેમનો આખો પરિવાર સત્સંગી છે અને નિષ્ઠા રાખી સેવા, ભજન, ભક્તિ કરી કથા-વાર્તાનો લાભ લે છે. આ ઘનશ્યામભાઈ મૂળીધામ પદયાત્રા લઈને ગયેલા. ત્યાં રાજભોગ આરતીનાં દર્શન કરી, પ્રસાદ લઈ આરામ કરવા ગયા ને મૂળીધામથી જ અક્ષરધામમાં પહોંચી ગયા. આવા ઘનશ્યામભાઈના આત્માને શ્રીજીમહારાજ ધામમાં પોતાની સેવામાં રાખીને પોતાની મૂર્તિનું ખૂબ સુખ આપે તથા તેમના પરિવારજનોને તેમનો વિયોગ સહન કરવાનું બળ તથા તેમના જેવા સદ્‌ગુણો શીખવાનું બળ આપે એ જ પ્રાર્થના...

# સત્સંગ સમાચાર

## ● ઝોળી પર્વ-૨૦૨૫







૧૪ જાન્યુઆરી એટલે સમગ્ર ભારતીઓનો માનીતો અને યુગોથી ઊજવાતો તહેવાર. આ દિવસે સૂર્યનો મકર રાશિમાં પ્રવેશ થતો હોવાથી આ પર્વને 'મકરસંક્રાંતિ' પણ કહે છે. આ દિવસે દાન કરવાનો ખૂબ મહિમા છે. ભગવાન શ્રીસ્વામિનારાયણે સર્વ જીવના હિત માટે પોતાના પ્યારા સંતોને ભિક્ષા માગવાની પુનિત પરંપરા પ્રવર્તાવી હતી. આ પરંપરાને ધ્યાનમાં રાખી આજે પણ પૂ.સંતો આ પર્વના દિવસે ભક્તોના ઘેર ઘેર ભિક્ષા માગવા જાય છે.

પૂ.ગુરુજીની આજ્ઞાથી કુંડળધામ અને કારેલીબાગ-વડોદરાથી પૂ.સંતોનાં ૩૦ જેટલાં મંડળોએ ગામડાઓમાં અને શહેરોમાં હરિભક્તોના ઘેર ઘેર જઈને "નારાયણ હરે.....! સચ્ચિદાનંદ પ્રભો.....!"ના પવિત્ર નાદ સાથે ઝોળી માંગી હતી. ઝોળી પર્વમાં સંતોની સાથે અનેક યુવાનો અને વડીલ હરિભક્તો પણ અનેરા આનંદ અને ઉત્સાહથી જોડાયા હતા. આંગણે પધારેલ પૂ.સંતોનું ભક્તોએ ભાવથી પૂજન કરી યથાશક્તિ દાન આપ્યું હતું. વિદેશના ભક્તોને પણ લાભ મળે તેવા હેતુથી પૂ.સંતોએ ZOOMના માધ્યમે વિદેશમાં વસતા ભક્તોના ઘેર વર્ચ્યુઅલી જઈ ઝોળી માંગી ભક્તોને રાજી કર્યા હતા. સંતોને આંગણે પધારેલા જાણી સૌ ભક્તો ધન્યભાગી બન્યા અને એમનાં હૈયાં આનંદથી ભરાઈ ગયાં હતાં.

## ● સંતોનું ગામડા વિચરણ-૨૦૮૧

જ્યાં નદી, તળાવ કે કૂવાનું પાણી હોય ત્યાં આસપાસની ધરતી લીલી રહે, તેમ જ્યાં સંતોનું વિચરણ થાય ત્યાં સત્સંગરૂપી બાગ નવપલ્લિત રહે; તે માટે શ્રીહરિજીની આજ્ઞાથી નંદપંક્તિના સંતોએ ગામડે-ગામડે વિચરણ કરી કેટલાય પામર અને પ્રભુ પામવા થનગની રહેલ મુમુક્ષુ જીવોને ભગવાન પામવાના માર્ગે ચડાવ્યા હતા. તે પાવન પરંપરા અનુસાર પૂ.ગુરુજીએ આપણા સંતમંડળનાં કુલ ૭ મંડળો કરી તા.૧૯/૧૨/૨૪ થી તા.૨૫/૦૧/૨૫ દરમ્યાન સત્સંગ વિચરણમાં મોકલ્યા હતા.

પૂ.સંતોના વિચરણથી દૂર-સુદૂર ગામડાઓમાં અને શહેરોમાં રહેતા ભક્તોના ઘરે થાળ, પધરામણી તથા પર્સનલ ગોષ્ઠી, કથા-વાર્તા દ્વારા અનેક ભાવિક ભક્તોની ભાવનાઓ પૂરી થઈ હતી. સૌ ભક્તજનોમાં શ્રીહરિ સ્થાપિત એકાંતિક ધર્મની પુષ્ટિ થાય, આજ્ઞા-ઉપાસનાની દૃઢતા થાય, પરસ્પર સંપ-સુહૃદભાવ અને એકતા વધે, દિવ્યભાવની દૃઢતા થાય તેવા હેતુથી પૂ.સંતોએ ગામડે ગામડે સત્સંગ સભા, સ્નેહમિલન, વન-ડે શિબિર, શાકોત્સવ, પદયાત્રા જેવા વિવિધ કાર્યક્રમો દ્વારા સૌને ખૂબ આનંદ આપ્યો હતો. આ રીતે પૂ.સંતોનું સત્સંગ વિચરણ ભક્તજનોને માટે ખૂબ જ ઉત્સાહ, ઉમંગ, આનંદવર્ધક અને દિવ્યતાસભર બની રહ્યું હતું.

## ● મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ-મહુવા





તીર્થધામ મહુવાને આંગણે પ.પૂ.સદ્. શ્રીનિત્યસ્વરૂપદાસજી સ્વામી-સરધામની પ્રેરણાથી તા.૦૮ થી ૧૬ જાન્યુઆરી, ૨૦૨૫ દરમ્યાન ગઢપુરપતિ શ્રીગોપીનાથજી મહારાજના તાબાના નવનિર્મિત શ્રીસ્વામિનારાયણ મંદિરનો ‘મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ અને શ્રીમત્ સત્સંગિજીવન કથા પારાયણ’નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. કથાના વક્તાપદે આ મહોત્સવના પ્રેરક અને મંદિરના નિર્માતા એવા પ.પૂ. સદ્.શ્રીનિત્યસ્વરૂપદાસજી સ્વામીએ વ્યસાસને બિરાજી સંગીતની સુરાવલીઓ સાથે ઉપસ્થિત સૌને કથા-વાર્તાનો લાભ આપ્યો હતો. તા.૧૬/૦૧/૨૫ ને ગુરુવારના રોજ વડતાલ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્ય શ્રીરાકેશપ્રસાદજી મહારાજશ્રીના કરકમળો દ્વારા શ્રીસ્વામિનારાયણ ભગવાન તથા શ્રીહરિકૃષ્ણ મહારાજ અને શ્રીલક્ષ્મીનારાયણ આદિ દેવોની મૂર્તિપ્રતિષ્ઠા કરી આરતી ઉતારી ઉપસ્થિત સૌ સંતો-ભક્તોને દર્શન-આશીર્વચનનો લાભ આપ્યો હતો.

આ શુભ અવસર પર તા.૧૬/૦૧/૨૫ના રોજ કુંડળધામથી પ.પૂ.ગુરુજી વતી પૂ.દયાળુ સ્વામીએ પધારી વ્યાખ્યાનમાળા-દર્શન-આશીર્વચનનો લાભ આપ્યો હતો. આ પ્રસંગે વડતાલ, ગઢપુર, જૂનાગઢ, ધોલેરા તથા અન્ય ધામોધામથી અનેક મહાનુભાવ સંતોએ પણ પધારી દર્શન-આશિષનો લાભ આપ્યો હતો.

આ મહોત્સવ દરમ્યાન ભવ્ય પોથીયાત્રા, નગરયાત્રા, બાલ-યુવામંચ, મહિલામંચ, યજ્ઞ, સાંસ્કૃતિક કાર્યક્રમ, બ્લડ ડોનેશન કેમ્પ જેવા વિધવિધ આયોજનો કરવામાં આવ્યાં હતાં. આ ઉપરાંત રાજદ્વારેથી અનેક મહાનુભાવોએ પણ પધારી આ મહોત્સવનાં દર્શનનો લાભ લીધો હતો.

આ સમગ્ર મહોત્સવના મુખ્ય યજમાનપદની સેવાનો લાભ પ.ભ.શ્રીનાનજીભાઈ ગાંગજીભાઈ ગોળવિયા તથા અ.નિ.રામબાઈબેન નાનજીભાઈ ગોળવિયા-વેળાવદરના પરિવારે લીધો હતો.

## ● શ્રીસ્વામિનારાયણ મંદિર (ભાઈઓ-બહેનો)નું ખાતમુહૂર્ત-નાગનેશ





પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી-કુંડળધામની પ્રેરણા અને આશીર્વાદથી વિ.સં.૨૦૮૧ પોષ વદ-૬, તા.૨૦/૦૧/૨૫ ને સોમવારના રોજ નાગનેશ ગામના આંગણે ગઢપુરપતિ શ્રીગોપીનાથજી મહારાજના તાબાનાં નૂતન શ્રીસ્વામિનારાયણ મંદિરનાં (ભાઈઓ તથા બહેનો) નિર્માણાર્થે ખાતમુહૂર્તનું અનેરું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે કુંડળધામથી પૂ.ગુરુજી સાથે સંતમંડળ પધાર્યું હતું. ગામનાં ભાવિક ભાઈઓ-બહેનોએ અતિ ઉત્સાહ અને ઉમંગ સાથે આ ખાતમુહૂર્ત પ્રસંગે સુંદર રંગોળી પૂરી પોતાના અંતરની ભાવનાઓ પ્રસ્તુત કરી હતી. પવિત્ર ભૂદેવના સથવારે પ.પૂ.ગુરુજીના કરકમળો દ્વારા બંને મંદિરોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ પૂ.દયાળુ સ્વામીએ





આ અવસરે સદ્.શ્રીબ્રહ્માનંદ સ્વામીકૃત ‘લાગ્યો મારે નટવરથી નેડો, હવે મેં તો શિર નાખ્યો છેડો રે...’ કીર્તન વિવેચન દ્વારા કથામૃતનું રસપાન કરાવ્યું હતું. અંતે પૂ.ગુરુજીએ પણ કથા-વાર્તા દ્વારા સૌને ભગવાનમય કરી દર્શન-આશીર્વચન પાઠવતાં કહ્યું હતું કે, ‘આ ગામનાં સૌ ભાઈઓ-બહેનોનાં સંપ, આત્મીયતા, દિવ્યતા અને નિષ્ઠા જોઈને અમે ખૂબ રાજી થયા; અને આ રાજીપાના ફળરૂપે સુંદર મંદિરોનું નિર્માણ થશે. તેમાં સૌના હૃદયેશ્વર નાવલિયો નાથ બિરાજશે અને કલ્યાણનું સદાવ્રત ચાલુ થશે ને સૌને સુખ પ્રાપ્ત થશે.’

આ સમગ્ર કાર્યક્રમના યજમાનપદનો લાભ નાગનેશ ગામના સત્સંગ સમાજે લીધો હતો.

## ● ૧૯૯મી શિક્ષાપત્રી જયંતી-કુંડળધામ






તા.૦૨/૦૨/૨૫ મહા સુદ-૫ વસંતપંચમીના પવિત્ર દિવસે શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરામાં પૂ.ગુરુજીની પ્રેરણાથી ૧૯૯મી ‘શિક્ષાપત્રી જયંતી’ ઊજવવામાં આવી હતી. રવિસભાનો લાભ લીધા બાદ રાત્રે પૂ.ગુરુજીના શ્રીમુખે ગવાયેલ સંપૂર્ણ શિક્ષાપત્રીનો પાઠ સાંભળતાં સાંભળતાં ઉપસ્થિત સૌ સંતો-ભક્તોએ શિક્ષાપત્રીનો પાઠ કર્યો હતો. વળી, પૂ.ગુરુજીની આજ્ઞા પ્રમાણે તેમાં ભગવાને કરેલ જે જે આજ્ઞાઓ ન પળતી હોય તેની યાદી બનાવી તે આજ્ઞા પાળવાનો ઠરાવ કર્યો હતો.

ત્યારબાદ જનમંગલ નામાવલીના પવિત્ર મંત્રોચ્ચાર સાથે ઉપસ્થિત સંતો-ભક્તો તથા વર્ચ્યુઅલી નેટ તથા ઝૂમના માધ્યમે જોડાયેલ હજારો હરિભક્તોએ પુષ્પ અને અક્ષત વડે શિક્ષાપત્રી સ્વરૂપ વહાલા મહારાજનું પૂજન કર્યું હતું. આ પાવન પ્રસંગે પૂ.ગુરુજીએ સૌને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. અંતમાં સૌ સંતો-ભક્તોએ ગ્રંથરાજ શ્રીશિક્ષાપત્રીની સમૂહ આરતીનો અનેરો લાભ લીધો હતો.

## ● સદ્‌ગુરુ વંદના મહોત્સવ-શ્રીસ્વામિનારાયણ મંદિર, વિરસદધામ





ચરોતર પ્રદેશના સત્સંગનું રક્ષણ અને સંવર્ધન કરવાનું મહા મોટું કાર્ય જે સમર્થ સદ્‌ગુરુ દ્વારા થયું છે; એવા પ.પૂ.સદ્. શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી-વિરસદવાળાની ૫૦મી પુણ્યસ્મૃતિ નિમિત્તે વિરસદધામને આંગણે પ.પૂ.સદ્. કો.શ્રીકેશવચરણદાસજી સ્વામીની પ્રેરણા તેમજ પ.પૂ. શા.શ્રીગુણસાગરદાસજી સ્વામી અને સંતમંડળના સહયોગથી તા.૨૮/૦૧/૨૫ થી ૦૩/૦૨/૨૫ દરમ્યાન 'સદ્‌ગુરુ વંદના મહોત્સવ'નું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. કથાના વક્તાપદે સરદારધામ નિવાસી પ.પૂ.સદ્.શ્રીનિત્યસ્વરૂપદાસજી સ્વામીએ વ્યાસાસને બિરાજી 'શ્રીમત્ સત્સંગિજીવન' કથાના માધ્યમે શ્રીહરિનાં લીલા ચરિત્રોનું રસપાન કરાવી સૌને શ્રીહરિમાં જોડ્યા હતા.

આ મહોત્સવમાં વડતાલ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રીરાકેશપ્રસાદજી મહારાજ, પૂ.ગાદીવાળાશ્રી તથા પૂ.લાલજી મહારાજે પધારી ઉપસ્થિત સૌ સંતો-ભક્તોને દર્શન-આશીર્વચનનો લાભ આપ્યો હતો. તા.૦૩/૦૨/૨૫ના રોજ કુંડળધામથી પ.પૂ. સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામીએ પણ પધારી દર્શન-આશીર્વચનનો લાભ આપી સૌને ધન્ય કર્યા હતા. આ શુભ અવસરે ધામોધામથી પધારેલ સદ્‌ગુરુ સંતોના શ્રીમુખે વ્યાખ્યાનમાળા અને પ્રવચનમાળાના માધ્યમે ઉપસ્થિત સૌ સંતો-ભક્તોને વિશેષ લાભ પ્રાપ્ત થયો હતો.

આ મહોત્સવમાં મહાવિષ્ણુયાગ, રાજોપચાર, અખંડધૂન, મંત્રલેખન, ગ્રંથ પ્રકાશન, બાળ-યુવા મંચ, શાકોત્સવ, બ્રહ્મચોરાસી, મેડિકલ કેમ્પ; જેવા અનેકવિધ સામાજિક, ધાર્મિક, આધ્યાત્મિક કાર્યક્રમોનું અનેરું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત રાજદ્વારેથી માનનીય મુખ્યમંત્રી શ્રીભુપેન્દ્રભાઈ પટેલ તેમજ નાયબ મુખ્ય દંડકશ્રી, સંસદસભ્યશ્રી, ધારાસભ્યશ્રીઓ, જજશ્રી, વિવિધ સંસ્થાઓના અધિકારીશ્રીઓ વગેરેએ પણ પધારી અનેરો લાભ લીધો હતો.

આ સમગ્ર મહોત્સવના મુખ્ય યજમાનપદનો લાભ પ.ભ.શ્રીશાંતિલાલ રણછોડભાઈ પટેલ અને પ.ભ.શ્રીકનુભાઈ રણછોડભાઈ પટેલ પરિવારના સભ્યોએ લીધો હતો.

## ● મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ-શ્રીસ્વામિનારાયણ ગુરુકુળ-હરિયાળા






શ્રીસ્વામિનારાયણ ગુરુકુળ, હરિયાળા-ખેડાને આંગણે પ.પૂ.સદ્.શા.શ્રીભક્તિજીવનદાસજી સ્વામીની મંગલમય પ્રેરણા અને આર્શીવાદ તેમજ સંતમંડળના અથાગ પ્રયત્નથી નૂતન અષ્ટકોણીય આકારનું નવીન કલા-કોતરણી યુક્ત ભવ્ય 'સ્વામિનારાયણધામ'નું નિર્માણ થયું. જેમાં પ.પૂ.સદ્.શા.શ્રીભક્તિજીવનદાસજી સ્વામીના અધ્યક્ષસ્થાને તા.૦૧/૦૨/૨૫ થી ૦૫/૦૨/૨૫ દરમ્યાન ભવ્ય 'મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ મહોત્સવ અંતર્ગત 'શ્રીમત્ સત્સંગિજીવન ગ્રંથરાજની પંચાહ્ન પારાયણ'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેના વક્તાપદે પ.પૂ.શા. શ્રીશ્રીજીપ્રિયદાસજી સ્વામીએ વ્યાસાસને બિરાજી શ્રીહરિજીનાં લીલા ચરિત્રોનું મધુર શૈલીમાં કથામૃતનું રસપાન કરાવ્યું હતું. તા.૦૩/૦૨/૨૫ ને સોમવારના રોજ વડતાલ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રીરાકેશપ્રસાદજી મહારાજશ્રીના કરકમળો દ્વારા શ્રીસ્વામિનારાયણ ભગવાન તથા શ્રીલક્ષ્મીનારાયણ દેવ અને શ્રીનરનારાયણ આદિ દેવોની મૂર્તિપ્રતિષ્ઠા કરી, આરતી ઉતારી ઉપસ્થિત સૌ સંતો-ભક્તોને દર્શન-આશીર્વચનનો લાભ આપ્યો હતો.

આ પ્રસંગે તા.૦૩/૦૨/૨૫ના રોજ કુંડળધામથી પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામીએ પધારી સૌને દર્શન-આશીર્વચનનો લાભ આપ્યો હતો. ઉપરાંત ધામોધામથી અનેક સદ્‌ગુરુ સંતોએ પણ પધારી દર્શન-આશીર્વચનનો લાભ આપ્યો હતો.

આ ભવ્ય મહોત્સવમાં પોથીયાત્રા, ઠાકોરજીની નગરયાત્રા, યજ્ઞ, ડ્રાયફ્રૂટ અભિષેક, ફળફૂટોત્સવ, મહિલામંચ, દિવ્ય રાસોત્સવ, સર્વ રોગ નિદાન કેમ્પ, બ્લડ ડોનેશન કેમ્પ, શાકોત્સવ, ઘરસભા જેવા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મહોત્સવમાં રાજદ્વારેથી અનેક મહાનુભાવોએ પણ પધારી મહોત્સવનો અનેરો લાભ લીધો હતો.

આ સમગ્ર મહોત્સવના મુખ્ય યજમાનપદનો લાભ પ.ભ.શ્રીજગદીશભાઈ મોહનલાલ સોજીત્રા-અમદાવાદના પરિવારજનોએ લીધો હતો.


26
January
Republic Day
શ્રીસ્વામિનારાયણ મંદિર-કુંડળધામ
૭૬મો
પ્રજાસત્તાક
દિન
WATCH
VIDEO